

# આમુખ

આપણને બધાંને વાર્તાઓ ગમે છે. આપણામાંથી જે ભાગ્યશાળી છે તેઓ વાર્તાઓ વાંચીને, સાંભળીને તથા માણીને મોટા થયા છે. આ વાર્તાઓએ આપણાં શિક્ષણ ને આગળ વધાર્યું છે, આપણી આસપાસ ની સુંદર દુનિયાને માણતા તથા અનુભવતા શીખવ્યું છે.

હેપ્પી સ્ટોરી રીડીંગ, સ્ટોરી શેરીંગ એન્ડ સ્ટોરી ટેલીંગ !

– ડેવ રોજર્સ

# ચતુર સાહુડી

એક સુંદરવન નામ નું ખુબ જ ગાઢ અને મોટું જંગલ હતું, તેમાં ઘણા પ્રાણીઓ તથા પક્ષીઓ રહેતા હતા.

સુંદરવન માં એક સાહુડી નામનું પ્રાણી રહેતું હતું, જેની પીઠ પર ઘણા કાંટાળા વાળ હતા.

એક સમય ચોમાસાની ઋતુ શરૂ થવાની હતી. એટલે જંગલ માં રહેતા પ્રાણીઓ પોતપોતાના ઘરોમાં પોતાના ખોરાક માટેની સામગ્રી ભેગી કરવા લાગ્યા હતા. સાહુડી એ પણ વિચાર્યું કે હું પણ મારા માટે ખોરાક ની સામગ્રી ભેગી કરી લઉં, જેથી ચોમાસાની ઋતુમાં ઘરની બહાર નીકળવું ન પડે.

સાહુડી જંગલમાં પોતાનો ખોરાક શોધવા માટે જાય છે. તે જંગલમાં એક સફરજનના વૃક્ષ પાસે પહોંચે છે. અને તેણે જોયું કે વૃક્ષ પર ઘણા બધા સફરજન લાગ્યા છે. તે વૃક્ષ પર ચડી ઘણા સફરજન તોડીને નીચે નાંખે છે.

ત્યારબાદ વૃક્ષ પરથી સાહુડી એ નીચે જોયું તો ઘણા બધા સફરજન ભેગા થઈ ગયા હતા. એણે તે પછી વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યું. નીચે ઉતરીને જોયુ ઘણાં સફરજન ભેગા થયા છે. પણ આટલા બધા સફરજન ઘરે કઈ રીતે લઈ જવા એ વિચારવા લાગ્યુ. પછી સાહુડી એ વિચાર કર્યો કે મારી પીઠ તો કાંટાળી છે. જો હું મારી પીઠમાં

કાંટા ઉભા કરી તેના પર બધા સફરજન મુકી દઈશ તો રસ્તામાં સફરજન નીચે પડશે પણ નહીં અને હું એકસાથે બધા સફરજન મારા ઘરે લઈ જઈ શકીશ.

આમ, ત્યારબાદ સાહુડીએ બધા સફરજન તેની કાંટાળી પીઠ પર મૂકી પોતાના ઘરે જવા નીકળી ગયો.

આમ ચતુરાઈથી સાહુડી એ ચોમાસાની ઋતુમાં પોતાના ખોરાક માટે સફરજન ભેગા કરી લીધા હતા.

